# અણ્ણાના અચોક્કસ મુદતના અનશન શરૂ

નવી દિલ્હી, તા. ૨૯

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે આજે ફરી એકવાર પોતાની ટીમના ત્રણ સભ્યોની સાથે અચોક્કસ મુદતના અનશન ઉપર ઉતરી ગયા હતા. અણ્ણાએ અનશન ઉપર ઉતરીને યુપીએ સરકાર પર ફરી એકવાર તીવ્ર દબાણ વધારી દીધું છે. નજીકના લોકોની અપીલની અવગણના કરીને અણ્ણા આજે અચોક્કસ મુદતના અનશન ઉપર ઉતરી ગયા હતા. બીજીબાજુ ટીમ અણ્ણાએ અસલી સત્યમેવ જયતેનું સ્થાન જંતરમંતર હોવાનો ઉલ્લેખ કરીને અભિનેતા આમિર ખાનનો અહીં આવવા અને આંદોલન સામેલ થવા અપીલ કરી હતી. અણ્ણાએ કહ્યું હતું કે જન લોકપાલ બીલ મળશે નહીં ત્યાં સુધી દેશના લોકો તેમને મરવા દેશે નહીં. અણ્ણા છેલ્લાં ચાર દિવસથી પોતાના ત્રણ સાથીઓની સાથે જંતરમંતર પર ધરણા ઉપર બેસેલા છે. જંતરમંતર ઉપર લોકોની ઉપસ્થિતી વચ્ચે અણ્ણા આજે સવારે અનશન સ્થળે પહોંચ્યા હતા. અનશન સ્થળ ઉપર પહોંચવાની સાથે ભારત માતા કી જય, વંદે માતરમ અને ઈનકલાબ જિંદાબાદના નારા શરૂ થઈ ગયા હતા. અણ્ણાએ ઉપસ્થિત લોકોને



સંબોધીત કરતા કહ્યું હતું કે તેમના સાથીઓ આરોગ્યના કારણોસર તેમને અનશન પર ન બેસવાની સલાહ આપી રહ્યા હતા. પરંતુ જ્યારે ૪૦૦થી વધુ લોકો અનશન પર બેઠા હોય ત્યારે તેઓ તેમની અવગણના કરી શકે નહીં અને પોતાને અનશનથી દુર રાખી શકાય નહીં. અણ્ણાએ કહ્યું હતું કે તેઓ અનશન પર બેસી રહ્યા છે અને એવું માની રહ્યા છે કે આના માટે આપની મંજુરી મળી ગઈ છે. જ્યારે અણ્ણા અનશન પર બેસવાની જાહેરાત કરી રહ્યા હતા. ત્યારે કેટલાક લોકો તેમને અનશન ન કરવાની સલાહ આપી રહ્યા હતા. અણ્ણાનું જીવન કિંમતી છે અને તેમના નેતૃત્વની જરૂર છે તેવી રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ અણ્ણાએ માઈક્રોફોન ઉઠાવીને કહ્યું હતું કે જ્યાં સુધી અમને જનલોકપાલ બીલ મળશે નહીં ત્યાં સુધી દેશના લોકો તેમને મરવા દેશે નહીં. ૭૪ વર્ષીય સામાજીક કાર્યકર અણ્ણાએ ગઈકાલે સરકારને રજુઆત કરતા કહ્યું હતું કે જો સરકાર તેમની માંગ સ્વિકારશે નહીં તો તેઓ અનશન પર ઉતરી જશે. અણ્ણાએ લોકપાલ બીલ પર તેમની માંગ સ્વિકારી લેવા ચાર દિવસ સુધીની મહેતલ સરકારને આપી હતી. સરકાર તરફથી કોઈ પ્રતિક્રિયા ન મળતા અણ્ણા આંદોલન કરવા તૈયાર થયા છે. ટીમ અણ્ણાના નજીકના અરવિંદ કેજરીવાલે ગઈકાલ સુધી આરોગ્યની ચિંતાને ધ્યાનમાં લઈને અનશન પર ન ઉતરવા અણ્ણાને અપીલ કરી હતી. ટીમ અણ્ણાના સભ્ય કિરણ બેદીએ કહ્યું હતું કે અસલી સત્યમેવ જયતેનું આયોજન જંતરમંતર પર કરવામાં આવ્યું છે જેથી અભિનેતા આમિર ખાને અહીં આવવું જોઈએ. આમિર ખાન હાલના દિવસોમાં ટેલીવિઝન ઉપર સામાજીક વિષયો ઉપર આધારીત કાર્યક્રમ સત્યમેવ જયતે રજૂ કરી રહ્યો છે. જંતરમંતર પર ટીમ અણ્ણાના અનશનમાં આજે મોટી સંખ્યામાં લોકો સામેલ થયા હતા. બપોર સુધી આશરે ૫૦૦૦ લોકો એકત્રીત થયા હતા. જેમાં તમામ વયના લોકો સામેલ હતા. યુવા પેઢીમાં પણ ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. મોટી સંખ્યામાં લોકો અણ્ણા ટોપી પહેરીને નજરે પડ્યા હતા.

## ભાજપ નેતા અડવાણી પણ આજે આસામની મુલાકાતે

નવી દિલ્હી, તા. ૨૯

વડાપ્રધાન મનમોહનસિંહની આસામમાં હિંસાગ્રસ્ત કોકરાઝારની મુલાકાત બાદ હવે ભાજપના નેતા અડવાણી આવતીકાલે બે દિવસની યાત્રાએ આસામ પહોંચી રહ્યા છે. અડવાણી ૩૦મી અને ૩૧મી જુલાઈના દિવસે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે. અસરગ્રસ્ત લોકોને મળવાની પણ તેમની યોજના છે. અગાઉ ભાજપની એક ઉચ્ચસ્તરીય ટીમ અસરગ્રસ્ત



વિસ્તારોની મુલાકાત લઈને પરિસ્થિતીની સમીક્ષા કરી ચુકી છે. ભાજપના નેતાની યાત્રાની સાથે સાથે ચિદમ્બરમ પણ પહોંચી રહ્યા છે. ભાજપે હિંસાને કાબુમાં લેવા અસરકારક પગલા નહીં લેવા બદલ કેન્દ્ર અને રાજ્ય સરકાર ઉપર દોષારોપણ કર્યા છે. કેન્દ્રમાં કોંગ્રેસ પાર્ટી ઉપર પણ આક્ષેપ કરવામાં આવ્યા છે. ભાજપે વડાપ્રધાન મનમોહનસિંહની પણ વંશીય હિંસાને રોકવા પુરતા પગલા ન લેવા બદલ આક્ષેપો કર્યા છે. આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઈ પાસેથી જવાબની માંગણી પણ કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમિયાન વડાપ્રધાને કોકરાઝારની હિંસાને દેશ પર કલંક તરીકે ગણાવીને આકરી ટીકા કરી હતી. દરમિયાન ભાજપની ઉચ્ચસ્તરીય ટીમે આસામ હિંસા માટે ગેરકાયદે ઈમીગ્રન્ટ માટે દોષારોપણ કર્યા છે. વોટ બેન્કની રાજનીતી બદલ દેશમાં તેમના પ્રવેશને રોકવામાં સરકાર નિષ્ક્રીય બની છે. ભારત-બાંગ્લાદેશ સરહદને તાત્કાલીક ધોરણે સીલ કરી દેવાની માંગણી પણ કરવામાં આવી છે.

## આસામના હિંસાગ્રસ્ત કોકરાઝાર જિલ્લામાં સ્થિતિ આંશિક સુધરી

કોકરાઝાર, તા. ૨૯

આસામનાં હિંસાગ્રસ્ત કોકરાઝાર જિલ્લામાં સ્થિતી સામાન્ય બની છે. આસામનાં મોટાભાગનાં હિંસાગ્રસ્ત જિલ્લાઓમાં સ્થિતી ધીમે ધીમે સુધરી રહી છે. સ્થિતીમાં સુધારો થતાં સત્તાવાળાઓએ કોકરાઝાર જિલ્લામાં સંચારબંધીમાં રાહત આપી છે. સત્તાવાર સૂત્રોએ કહ્યું છે કે કોકરાઝાર જિલ્લામાં અચોક્કસ મુદતની સંચારબંધીમાં આંશિક રાહત આપવામાં આવી હતી. જ્યારે રાત્રી કર્ફ્યુ યથાવત રીતે અન્ય જિલ્લાઓમાં જારી રહેશે. રાત્રી કર્ફ્યુ સાંજે ૬.૦૦ વાગ્યાથી સવારના ૬.૦૦ વાગ્યા સુધી અમલી રહેશે. બીજીબાજુ આસામમમાં નવેસરથી હિંસાના કોઈ સમાચાર મળ્યા નથી. મોતનો આંકડો વધીને ૫૩ ઉપર પહોંચી ગયો છે. આસામમાં હિંસાગ્રસ્ત પાંચ જિલ્લાઓમાં સૌથી વધુ અસર કોકરાઝાર, ચિરાંગ અને ઢુબરી જિલ્લામાં થઈ છે. અન્ય બે



જિલ્લાઓ બોંગાઈ ગાંવ અને બકસામાં આદિવાસી-લઘુમતી સમુદાયના લોકો વચ્ચે હિંસાનો દોર જારી રહ્યો છે. આઠ દિવસ સુધી ચાલેલી હિંસાના કારણે ત્રણ લાખથી વધુ લોકોને અસર થઈ છે. આ તમામ લોકો હાલ રાહત કેમ્પોમાં રહે છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતીમાં સુધારો થતા જિલ્લા વહીવટી તંત્રએ ભોગ બનેલા લોકોના પરિવારને તેમના આવાસ ઉપર લઈ જવા માટેની પ્રક્રિયા ઉપર વિચારણા હાથ ધરી છે. વડાપ્રધાન મનમોહનસિંહે ગઈકાલે કોકરાઝારની મુલાકાત લીધી હતી અને ૩૦૦ કરોડના પેકેજની જાહેરાત કરી હતી. સાથે સાથે એમપણ કહ્યું હતું કે હિંસાના કારણોમાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવશે. આસામમાં લઘુમતી માઈગ્રન્ટ અને આદિવાસી વચ્ચે વ્યાપક હિંસાના કારણે સેનાને બોલાવવામાં આવી હતી. જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. લાખો લોકો તેના સંકંજામાં આવી ગયા હતા. હિંસા માટે ઘણાં પરિબળો જવાબદાર રહ્યા હતા. હવે સ્થિતીમાં દિનપ્રતિદિન સુધારો થઈ રહ્યો છે. આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઈએ આક્ષેપ કર્યો છે કે સેના મોકલવામાં વિલંબ થવાના કારણે હિંસા બેકાબુ થઈ ગયેલી. આસામમાં થયેલી હિંસાના મામલમાં હવે સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી છે. સ્થિતીને સુધારવાની જવાબદારી વડાપ્રધાને લેવી જોઈએ તેવી માંગ પણ થઈ છે.

## ગૃહમંત્રી ચિદમ્બરમ આજે હિંસાગ્રસ્ત આસામમાં જશે

નવી દિલ્હી, તા. ૨૯

કેન્દ્રિય ગૃહ પ્રધાન પી. ચિદમ્બરમ આવતીકાલે હિંસાગ્રસ્ત આસામ પહોંચી રહ્યા છે. બે દિવસની યાત્રા દરમિયાન તેઓ સુરક્ષા પરિસ્થિતીની સમીક્ષા કરશે. સાથે સાથે રાહત અને પુનઃ વસવાટના પગલાઓની પણ સમીક્ષા કરશે. બોડો અને માઈગ્રન્ટ લઘુમતી સમુદાયના લોકો વચ્ચે હિંસા ભડકી ઉઠ્યા બાદથી પરિસ્થિતી પર નજર રાખી રહેલા ચિદમ્બરમે રાજ્યની મુલાકાત દરમિયાન ટોચના નાગરીક અને પોલીસ



અધિકારીઓ સાથે વાતચીત કરવાની યોજના બનાવી લીધી છે. આ ઉપરાંત તેઓ ચાર સૌથી વધુ અસરગ્રસ્ત કોકરાઝાર, ચિરાંગ, ઢુબરી અને બોંગાઈ ગાંવમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી પર ચર્ચા વિચારણા કરશે. ગૃહ પ્રધાન રાહત કેમ્પની મુલાકાત પણ લઈ શકે છે. માર્યા ગયેલા લોકોના સગાસંબંધીઓને રાહત આપવા લેવામાં આવેલા પગલાની પણ તેઓ સમીક્ષા કરશે. આસામ હિંસામાં હજુ સુધી ૫૩ લોકોના મોત થઈ ચુક્યા છે. ચિદમ્બરમ મુખ્યમંત્રી તરુણ ગોગોઈ, તેમના કેબિનેટના પ્રધાનો, રાજ્યપાલ જેબી પટનાયક સાથે પણ વાતચીત કરશે. મનમોહનસિંહ શનિવારે કોકરાઝાર પહોંચ્યા હતા. ગૃહ મંત્રાલય દ્વારા સ્થિતીને સામાન્ય બનાવા આસામમાં ૧૧૬૦૦ અર્ધ લશ્કરી દળના જવાનો ઉપલબ્ધ કરાવ્યા છે.

## જસવંતસિંહને જયલલીતા અને પટનાયકનો ટેકો મળશે

નવી દિલ્હી, તા. ૨૯

એનડીએના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જસવંતસિંહે વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું છે કે અન્ના દ્રમુકના વડા જે જયલલીતા અને બીજેડીના નેતા નવીન પટનાયક




તેમની ઉમેદવારીને ટેકો આપશે. એક અગ્રણી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે આ બન્નેનો ટેકો મળી જશે તેવી તેમને આશા છે. રાષ્ટ્રપતિની ચુંટણીમાં સંગમાને ટેકો આપનાર આ બંને પક્ષો તેમને ઉપરાષ્ટ્રપતિની ચુંટણીમાં ટેકો આપશે કે કેમ તે અંગે પુછવામાં આવતા જસવંતસિંહે હકારાત્મક જવાબ આપ્યો હતો. તેમને એમપણ કહ્યું હતું કે રાષ્ટ્રપતિની ચુંટણીમાં યુપીએ દ્વારા ધમકી અને નાણાંના ઉપયગો અંગે સંગામાના આક્ષેપ બાદ તેઓ ભયભીત દેખાઈ રહ્યા છે. જો કે ઉપરાષ્ટ્રપતિની ચુંટણીને લઈને તેઓ આશાવાદી હોવાની વાત કરી હતી. ઉપરાષ્ટ્રપતીની ચુંટણીમાં જસવંતસિંહ અને અન્સારી વચ્ચે સીધી સ્પર્ધા છે.

## બ્રહ્મોસ મિસાઈલનું ફરી વખત સફળ પરિક્ષણ કરવામાં આવ્યું

ભુવનેશ્વર, તા. ૨૯

ઓરિસ્સાના દરિયા કાંઠે ચાંદીપુર ખાતે ટેસ્ટ રેન્જથી સેના દ્વારા પહેલાથી જ સેના અને નૌકા સેનામાં સામેલ કરવામાં આવી ચુકી છે. સરંક્ષણ અધિકારીએ કહ્યું હતું કે



ટ્રાયલના અંતિમ તબક્કામાં એર ફોર્સની વર્જન મિસાઈલ ચાલી રહી છે. ભારતીય નૌકા સેનાના બ્રહ્મોત્સ મિસાઈલ સિસ્ટમની પ્રથમ આવૃત્તીનો સમાવેશ ૨૦૦૫થી આઈએમએસ રાજપુત યુઝર ટ્રાયલના ભાગરૂપે ભારતે આજે બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યુ હતું. આ મિસાઈલની ફલાઈ રેન્જ ૨૯૦ કિલોમીટર સુધીની છે અને તે ૩૦૦ કિલોગ્રામ પરંપરાગત વોર હેડને લઈને ત્રાટકવામાં સક્ષણ છે. ક્રુઝ મિસાઈલ સવારે ૧૦.૩૦ વાગે લોન્ચ સંકુલ-૩થી મોબાઈલ લોન્ચર મારફતે છોડવામાં આવી હતી. તમામ ડેટાની ચકાસણી કરી લેવામાં આવી છે. મિસાઈલ પરિક્ષણ સંપૂર્ણ પણ સફલ રહ્યું છે. સરંક્ષણ સુત્રોએ કહ્યું હતું કે જમીનમાં પ્રહાર કરતી સેનાની આવૃત્તીની ક્રુઝ મિસાઈલ સેના દ્વારા યુઝર ટ્રાયલના ભાગરૂપે પરિક્ષણ કરવામાં આવી હતી. બે તબક્કાની આ મિસાઈલ સોલિગ અને લિક્વીડ પ્રોપેલન્ટની સુવિધા ધરાવે છે. આ મિસાઈલ સાથે કરવામાં આવ્યો હતો. સરંક્ષણ મંત્રાલય હવે ભાવી યોજના સાથે આગળ વધશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ જ બેઝથી ૨૮મી માર્ચ ૨૦૧૨ના દિવસે છેલ્લે પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## ટુજી કેસમાં ચાવીરૂપ સાક્ષી શ્રીવાસ્તવની આજે જુબાની

નવી દિલ્હી, તા. ૨૯

ભુતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ રાજા અને ડીએમકેના સાંસદ કાનીમોજીને આવરી લેતા ટુજી કેસમાં દરરોજ ટ્રાયલ ચલાવી રહેલી ખાસ સીબીઆઈ કોર્ટેમાં આવતીકાલે ચાવીરૂપ સાક્ષી એકે શ્રીવાસ્તવ જુબાની આપે તેવી શક્યતા છે. ખાસ સીબીઆઈ કોર્ટ મહત્વપૂર્ણ પ્રોસિક્યુશન સાક્ષી અને ડોટના વરિષ્ઠ અધિકારી એકે શ્રીવાસ્તવની ચકાસણી હાથ ધરશે. મળેલી માહિતી મુજબ ખાસ સીબીઆઈ જજ ઓપી સૈની ટેલિકોમ્યુનિકેશન વિભાગના ભુતપૂર્વ ડેપ્યુટી ડિરેક્ટર જનરલ શ્રીવાસ્તવના નિવેદનની નોંધણી શરૂ કરશે. શ્રીવાસ્તવની જુબાનીને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે આ કેસમાં તપાસ દરમિયાન સીબીઆઈ સમક્ષ તેમના નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે રાજાએ ડોટ ફાઈલમાં ઉલ્લેખ કર્યો છે કે ટુજી સ્પેક્ટ્રમ લાયસન્સની મંજુરી માટે અરજી સ્વીકારવા માટેની કટ ઓફ તારીખ પહેલી ઓક્ટોબર ૨૦૦૭ રહેશે. સીબીઆઈએ ચાર્જશીટમાં રાજા સામે ગંભીર પ્રકારના આક્ષેપો કરેલા છે. સીબીઆઈએ એવો આક્ષેપ પણ કર્યો છે કે રાજા યુનાઈટેક વાયરલેસ (તમિલનાડુ) અને શ્વાન ટેલિકોમની તરફેણ ઈચ્છતા હતા. આજ કારણસર તેઓએ એક પક્ષીય રીતે અરજી સ્વીકારવા માટેની કટઓફ તારીખ એડવાન્સ કરી હતી. રાજાએ ટેલિકોમ રેગ્યુલેટ્રી ઓથોરિટી ઓફ ઈન્ડિયા, કાયદા મંત્રાલય અને વડા પ્રધાનની ઓફિસ સહિત જુદા જુદા સત્તાવાળાઓની અવગણના કરી હતી. સીબીઆઈ માટે પણ શ્રીવાસ્તવની જુબાની મહત્વપૂર્ણ છે. શ્રીવાસ્તવ તપાસકારો સમક્ષ કહી ચુકયા છે કે મળેલી અરજીઓની સંખ્યા અંગે રાજાના તત્કાલીન સાથી આરકે ચંડોલિયાએ માહિતી મેળવી હતી. ટુજી કૌભાંડના કારણે અનેક ટોચના લોકો સકંજામાં આવી ચુક્યા છે. રાજા અને ચંડોલિયા ઉપરાંત આ કેસમાં ટ્રાયલનો સામનો કરી રહેલા અન્યોમાં કાનીમોજી, ભુતપૂર્વ ટેલિકોમ સચિવ સિદ્ધાર્થ બેહુરા, શ્વાન ટેલિકોમના પ્રમોટર શાહીદ ઉસ્માન બલવા, વિનોદ ગોયંકા, યુનિટેક લિમિટેડના એમડી સંજય ચંદ્રાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રિલાયન્સ એડીએજીના કારોબારી અધિકારી ગૌતમ દોષી, હરિ નાયર, સુરેન્દ્ર પીપારા, કુસેગાવ ફ્રુટ એન્ડ વેજીટેબલ્સ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર આશિફ બલવા, રાજીવ અગ્રવાલ, બોલિવુડના ફિલ્મના નિર્માતા કરીમ મોરાની અને ડીએમકે દ્વારા ચલાવવામાં આવતી કલેગનર ટીવીના એમડી શરદ કુમાર પણ ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. ૧૪ આરોપીઓ ઉપરાંત ત્રણ ટેલિકોમ કંપનીઓ શ્વાન ટેલિકોમ, રિલાયન્સ ટેલિકોમ અને યુનિટેક વાયરલેસ પણ કેસમાં આરોપી તરીકે છે.

## આસામમાં ૪.૭ તીવ્રતા સાથે ધરતીકંપનો આંચકો

ગુવાહાટી, તા. ૨૯

આસામમાં આજે સવારે ૪.૭ની તીવ્રતાનો ભુકંપનો આંચકો અનુભવાયો હતો. જેના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. લોકો તેમના ઘરની બહાર દોડી આવ્યા હતા. ભુકંપ સાથે સંબંધિત વિભાગે કહ્યુ છે કે ભુકંપના કારણે જાન-માલનું કોઈ નુકશાન થયું નથી. ભુકંપનું કેન્દ્ર ક્યા હતુ તે અંગે પ્રાથમિક રીતે માહિતી મળી શકી નથી. પરંતુ તાજેતરના દિવસોમાં આસામમાં એક પછી એક ભુકંપના આંકડા નોંધાઈ રહ્યા છે જેના કારણે ભુકંપ સાથે સંબંધિત વિભાગ અને તંત્રની ચિંતા વધી ગઈ છે. આસામમા ભુકંપના આજે સવારે આવેલા આંચડાના કારણે કોઈ નુકશાન થયુ છે કે કેમ તેની ચકાસણી પણ હાથ ધરવામાં આવી છે.

## વિજેન્દર-સ્વર્ણના દેખાવથી ભારતીયોમાં નવી જ આશા

લંડન, તા. ૨૯

ઓલિમ્પિકમાં આજનો દિવસ ભારત માટે મીશ્ર દિવસ રહ્યો હતો. કેટલીક રમતોમાં ભારતનો દેખાવ શાનદાર રહ્યો હતો. વિજેન્દરસિંહે બોક્સિંગમાં ભારતીયોના ચહેરા ઉપર ખુશી લાવી દીધી હતી. વિજેન્દરસિંહે બોક્સિંગમાં શાનદાર દેખાવ કર્યો હતો. જોકે સૌથી મોટી નિરાશા મહિલા તિરંદાજી ટીમે આપી હતી. ભારતીય તિરંદાજીની ટીમ ઓલિમ્પિકમાંથી બહાર થઈ ગઈ હતી. ચાર વર્ષ પહેલા બેજિંગમાં કાંસે ચંદ્રક જીતનાર વિજેન્દરસિંહે આ વખતે વધુ સારા દેખાવનું વચન આપ્યું હતું. વિજેન્દરે ગઈકાલે મોડી રાત્રે શાનદાર શરૂઆત કરીને મિડલવેટ (૭૫ કિલોગ્રામ)માં કજાકિસ્તાનના સુખાનોવને ૧૪-૧૦થી હાર આપીને પ્રી ક્વાટર ફાઈલમાં પ્રવેશ કરી લીધો હતો. હરિયાણાના આ બોક્સરે કહ્યું હતું કે આગામી દોરમાં પહોંચવાની તેને ખુબ જ ખુશી છે. હરિફ ખેલાડી ખુબ જ શક્તિશાળી હતો. હવે સંપુર્ણ ધ્યાન આગામી પડકાર ઉપર છે. ચંદ્રક જીતવાની આશા વિજેન્દરે વ્યક્ત કરી હતી. હવે વિજેન્દર બીજી




ઓગસ્ટના દિવસે અમેરિકાના ટેરેલ સામે રમશે. દરમિયાન ઓલિમ્પિકમાં આજે ત્રીજા દિવસે રોવિંગમાં અથવા તો નૌકા સ્પર્ધામાં ભારતીય ખેલાડી સ્વર્ણસિંહે દક્ષિણ કોરિયાના કિમ ડોંગીયોંગ પર જીત મેળવી હતી. આની સાથે જ અંતિમ આઠમાં સ્થાન મેળવી લેવામાં સફળતા મેળવી છે. એટોન ડોર્ને રોઈગ સેન્ટર ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં સ્વર્ણસિંહે ચાર હરિફોને પછડાટ આપી હતી. સ્વર્ણે ૬.૫૪નો સમય કાઢ્યો હતો. બીજીબાજુ લોર્ડ્સ ક્રિકેટ મેદાન પર ભારતીયોને સતત નિરાશા મળી રહી છે. ભારતીય મહિલાઓની તિરંદાજી ટીમ ફરી પરાજીત થઈ છે. દિપીકા કુમારી, બોબાયલા દેવી અને સુવુરોની ત્રીપુટીને હારનો સામનો કરવો પડ્યો છે. ભારતીય દ્વારા અનેક પરફેક્ટ ટેન સ્કોર કરવામાં આવ્યા હતા પરંતુ છેલ્લી ઘડીએ ડેનમાર્કની ટીમ વધુ સારો દેખાવ કરવામાં સફળ રહી હતી. ભારત માટે દિપીકાનો ખરાબ દેખાવ હાર માટે મુખ્ય કારણ રહ્યો હતો. બોબાયલા સારા ફોર્મમાં દેખાઈ હતી. તિરંદાજીમાં હવે આવતીકાલથી શરૂ થઈ રહેલી વ્યક્તિગત સ્પર્ધામાં ભારતીય ટીમ ભાગ લેશે. શુટીંગમાં સૌથી પ્રબળ દાવેદાર ગણાતા ગગન નારંગ અને અભિનવ બિન્દ્રા ૧૦ મિટર એર રાઈફલમાં ઉતરશે.

## સાનિયા મિર્ઝા અને રશ્મીની જોડી ડબલ્સમાં પરાજિત થઈ

લંડન, તા. ૨૯

સાનિયા મિર્ઝા અને રશ્મી ચક્રવર્તીની ભારતીય જોડીએ ઓલિમ્પિકમાં ટેનિસમાં ચાહકોને નિરાશ કર્યા હતા. સર્વિસ ઉપર અંકુશ રાખવામાં નિષ્ફળ રહેવાના કારણે સાનિયા મિર્ઝા અને રશ્મીની જોડી ફેંકાઈ ગઈ હતી. પ્રથમ રાઉન્ડમાં જ ભારતીય મહિલા ડબલ્સની જોડી પરાજીત થઈ ગઈ હતી. સુવેઈસી અને ચિયાજુંગની જોડી સામે સાનિયા અન રશ્મીની જોડી ટકી શકી ન હતી અને મેચ ૧-૬, ૬-૩ અને ૧-૬થી હારી ગઈ હતી. આ હારની સાથે જ રશ્મીનો ઓલિમ્પિક પડકાર પુરો થઈ ગયો છે. જ્યારે સાનિયા મિર્ઝા મિક્સ ડબલ્સમાં પેસ સાથે મેદાનમાં ઉતરશે. પેસ અને સાનિયા મિર્ઝાની જોડીથી ચંદ્રકની આશા રહેલી છે. વાઈલ્ડ કાર્ડ મારફતે પ્રવેશ મેળવનાર ભારતીય જોડીએ વિરોધી ટીમને ૧૪ વખત બ્રેક પોઈન્ટ લેવાની તક આપી હતી. જેમાંથી છ વખત પોતાની સર્વિસ ગુમાવી હતી. બીજીબાજુ ભારતીય જોડી સાત તકમાં માત્ર ત્રણ વખત જ બ્રેક પોઈન્ટ મેળવવામાં સફળ રહી હતી. તાઈપેઈની જોડીએ ભારતીઓના ૧૯ વિનરની સરખામણીમાં ૪૩ વિનર ફટકાર્યા હતા. સાનિયા અને રશ્મીની જોડી શરૂઆતથી સર્વિસ ઉપરઅંકુશ રાખી શકી ન હતી. જેથી પ્રથમ સેટથી જ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બીજા સેટમાં ભારતીય જોડીએ સારી વાપસી કરી હતી પરંતુ સર્વિસના કારણે તકલીફ દુર થઈ ન હતી. સાનિયા અને રશ્મીને બીજો સેટ જીતી લઈને મેચને રોમાંચક બનાવી હતી. સાનિયા અને રશ્મીની જોડી ત્રીજા સેટમાં બીજા સેટ જેવો દેખાવ કરી શકી ન હતી અને બીજા અને ચોથા ગેમમાં સર્વિસ ગુમાવીને હરિફ ટીમની જીત સરળ બનાવી દીધી હતી. દરમિયાનમાં ચુવાંગ અને સીહની જોડીએ પોતાની સર્વિસ જાળવી રાખી હતી. આખરે સાનિયા મિર્ઝા અને રશ્મીની જોડી મહિલા ડબલ્સમાં પરાજીત થઈ ગઈ હતી. ટેનિસમાં ભારતીય ચાહકોને ચંદ્રકની અપેક્ષા રહેલી છે. આ ઉપરાંત બેડમિન્ટન, શુટીંગમાં પણ ભારતને ચંદ્રકની અપેક્ષા રહેલી છે.

## શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

હાં હું તમને 'નૉલેજ ગાર્ડન' પુસ્તકની વાત કરી રહ્યો છું. કારણ કે આ પુસ્તકમાં નાના ટચૂકડાં પ્રશ્નથી લઈને ગંજાવર વિજ્ઞાન સંસ્થાઓ સુધીનું જ્ઞાન આ બાગમાં રોપાયું છે. અને તેનાં મઘમખતાં પુષ્પો વાચકને સુંઘરવા અને માણવા ગમે તેવાં છે. તે ખૂબ જ આહ્‌લાદક છે. ભારેખર અને આલંકારિક આભૂષણોથી મઢેલી ભાષા ભલે તેમને વાપરી નથી પણ છતાં ગાર્ડનમાં ઠંડક અનુભવમાં લટાર મારવાનું ગમે એવું છે. કારણ કે તેનું વિષય વૈવિધ્ય ખુબ જ બળુકું છે.

થોડીક કલ્પનાશક્તિ કામે લગાડો તો એક સુંદર બગીચો દેખાય છે. તેમાં નદી - નાળાં - ઈમારતો - સ્મારકોનાં નાનાં નાનાં મૉડેલ્સ છે. અને તે બગીચામાં બંને આંગળીઓ અબાલવૃધ્ધ સૌને વળગાડીને લેખક વિહરે છે. તે સૌની જિજ્ઞાસા સંતોષાતી જાય છે. પુસ્તકની પ્રસ્તાવનામાં ભદ્રાયુ વચ્છરાજાની તેથી જ કહે છે કે, આ પુસ્તકે એક સાથે અનેક પરિણામો સર કર્યા છે. તેમાં જ્ઞાન પણ, સહજતા પણ અને ભાવિ પથદર્શન પણ છે સંતોનોનાં પ્રૉજેક્ટની ચિંતા કરતાં માબાપનો સધિયારો પણ છે. તો વિશ્વકોશોની વિશાળતાથી ગહરાઈ જતાં શોધકો માટેનું ફાસ્ટ ફૂડ પણ છે. તેથી હેમેન ભટ્ટનું આ પુસ્તક જ્ઞાન પિપાસુઓ માટે વીરડી સમાન છે. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા તેનું પ્રકાશન થયું છે તે અભિનંદનીય છે.

**નોલેજ ગાર્ડન**
**લેખક : હેમેન ભટ્ટ**
**પ્રકાશક : ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ.**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૧, પૃષ્ઠ - ૧૫૦, કિંમત - રૂા. ૧૦૦**

## પરણેતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

નારી કેન્દ્રમાં અત્યાચારનો ભોગ બનેલી, તિરસ્કૃત, ત્યકતા અને અશિક્ષિત મહિલાઓને પડતી પરેશાનીમાં આશ્રય, આશ્વાસન, શિક્ષણ પ્રશિક્ષણ તથા સંસ્કાર આપી તેના જીવન ઘડતરમાં ઉપયોગી થાય તેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તમો જો રજા આપો તો હું એને નારી કેન્દ્રમાં દાખલ કરી દઉં.''

સંધ્યાની વાત સાંભળતા દાદાએ મનનો ડુમો કાઢતાં કહ્યું, ''દીકરી, આજ કાલ કરતાં પંદરેક વરસ થઈ ગયા. તેના સાસરીયાવાળા સુખદુઃખમાં સારસંભાળ પણ લેતા નથી. તેનો મને વસવસો રહી ગયો છે. કોર્ટ કચેરી ખર્ચમાં હું આર્થિક રીતે બરબાદ થઈ ગયો છું. હવે તો આ દીકરીનું ગાંડપણ જોઈ કડવો ઘુંટડો હૈયામાં સમાવી જીવું છું. આશાને જોઈને તો મારી આંતરડી કકળી ઊઠે છે. દીકરી!'' બોલતાં બોલતાં દાદાના મોંઢે ડુમો ભરાઈ આવ્યો ને રડી પડ્યા.

દાદાને આશ્વાસન આપતાં સંધ્યાએ કહ્યું, ''દાદા, મારામાં વિશ્વાસ રાખો, હું આશાને કાયદા દ્વારા ન્યાય અપાવીશ. આશા જેવી ઘણી દુઃખી સ્ત્રીઓને નોકરી કે નારી કેન્દ્રમાં ન્યાય અપાવીને સુખી કરી વિદાય કરેલ છે. હું પણ તમને મારાથી બનતી મદદ કરીશ.''

સંધ્યાની વાત દાદાને ગળે ઊતરી ગઈ. આથી તેમણે કાળજું કઠણ કરીને હા પાડીને સંધ્યાને બે હાથ જોડી પગે લાગતાં આંસુ આવી ગયા.

ગાડી આવતા આશા તેના બાપુજીને સામે જોઈ બોલી ઊઠી, ''બાપુ... જુઓ છૂક... છૂક... કરતી ગાડી આવી. તે ખડખડાટ હસતાં હસતાં એના બાપુને વળગી પડી.''

કાકાએ સંધ્યાના હાથમાં ટિકીટ આપી. સંધ્યાએ આશાનો હાથ પકડ્યો આશા ગાડીમાં ચઢી બારી પાસે, બેસી એના બાપુને જોવા લાગી.

આશાને જુલાઈથી કશી ખબર પડતી નહિ, તેણી હસતી હતી. દાદાએ ભલામણ કરતા સંધ્યાએ કહ્યું, ''બેન, મારી આશાની સારસંભાળ રાખજો એ ગાંડપણમાં કોઈને પરેશાન કરે તો કોઈ તેને મારે નહિ તેનું ધ્યાન રાખજો.''

ગાડીની વ્હીસલ વાગતા દાદાનું હૃદય ચિરાઈ ગયું. ધીમે ધીમે ચાલતી ગાડીએ ઝડપ પકડી ને દાદાની આંખોએ આંસુના તોરણ બંધાઈ ગયા. દૂર દૂર સુધી જાતી ગાડીને એકીટસે જોઈ જ રહ્યાં.

આશાને લઈને સંધ્યા સીધી નારીકેન્દ્રમાં પહોંચી ગઈ, ત્યાં તેને દખલ કરી ગૃહમાતાએ વહીવટી કામગીરી કરી રજિસ્ટ્રરમાં તેના નામની નોંધણી કરી. નારી કેન્દ્રની બીજી સ્ત્રીઓ આશાની હરકતો જોવા લાગી. આશા ટગર ટગર તેમની સામે જાતો ગંભીર બની ગઈ.

(ક્રમશઃ)